# આકાશમાં ગુજરાતી ભાષાની આધુનિક ખનિજસંપત્તિ | દિલીપ ઝવેરી

[**'આકાશની ઉડ્ડયનલિપિ'** : લે. રાધેશ્યામ શર્મા, પ્ર. રન્નાદે પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૬, પૃ. ૧૧૯, કિં. રૂ. ૮૫/-]

લિપિમાં ઉડ્ડયન કરનાર એક કવિનું ઋણ અનેક કવિઓ અને ગુજરાતી સાહિત્યને માથે અપાર છે. એ કવિ છે ઉદારકોષ આશુતોષ રાધેશ્યામ. સતત શોધરત રાધેશ્યામ. અદમ્ય પ્રયોગરત રાધેશ્યામ. જોશ ચડે તો તથ્યના તંત્ર સામે બહારવટું કરનાર રાધેશ્યામ.

હમણાં હમણાં વિશ્વવિદ્યુતજાળી પર (www.museindia. comનો જાન્યુઆરી-માર્ચ અંક) પ્રસિદ્ધ થયેલી અંગ્રેજીમાં અનુવાદ એની કેટલીક આધુનિક કવિતાઓ સાથે જોડેલા સંપાદકીય લેખમાં મેં રાધેશ્યામની વાત આમ કરી હતી : તીવ્ર સંવેદનશીલતા અને વિશાળ બહુશ્રુતિથી યુક્ત રાધેશ્યામ શર્માએ બોલી, વ્યાકરણ અને મુદ્રણના પ્રયોગ કર્યા. તાત્કાલિક સાંપ્રત પ્રતિ લક્ષ્ય કરવાને બદલે એમણે ભાષાની દૂરદૂરની શક્યતાઓમાં રસ લીધો. આવા હેતુ કેવળ નાટકીય ન હોવાથી એ ઇતરની રચનાઓમાં પણ આવી શક્યતાઓ જોઈ શક્યા. એમણે બીજાંઓ વિશે જ સૌથી વધુ લખ્યું છે. નવાં-જૂનાં, મથતાં – સ્થપાઈ ચૂકેલાં, પરંપરાનિષ્ઠ-આધુનિક, અન્ય ભાષાઓનાં સાહિત્યનું એમનું અસાધારણ અને વિસ્તૃત જ્ઞાન તેમજ મોકળી રસજ્ઞતા અન્ય કવિઓની સાધારણ કવિતામાંથી પણ અવિરત આનંદનો અનુભવ કરાવે છે. મૂલ્યાંકન કરતાંય બોધવ્યાપ એમને પસંદ છે. એમની ટૂંકી વાર્તાઓ અને નવલકથા આધુનિક ચળવળનાં સીમાચિહ્ન છે. રાધેશ્યામ વિના ગુજરાતી ભાષા રાંકડી હોત કારણ કે અનેકોની રચનાઓમાં ગળાયલી પણ બીજાંઓની નજરે ન ચડેલી મૂલ્યવાન ધાતુ એમણે દેખી-દેખાડી છે.

અઢળક કવિતાઓના આસ્વાદ લખતાં લખતાં રાધેશ્યામ સહજમાં કવિકુલગુરુ બની ગયા છે. અને પોતાની કવિતા લખતાં લખતાં રાધેશ્યામ રમતાં રમતાં ચીંધતા જાય છે – કવિતા કેમ સંભવે, કવિતા ક્યાં અશક્ય અને અશક્યમાંથી પણ કવિતા કેમ ગોતવી. ગોતાં પણ ખાઈ જાય – ભૂલથી કે જાણીજોઈને કદાચ. જેમ એક કાળે કેટલાય વૈદ્યકીય વૈજ્ઞાનિકો પોતાની જાત ઉપર અખતરા કરી રોગ કે રોગનિવારણનું જ્ઞાન મેળવી સૌ કોઈને ઉપલબ્ધ કરાવતા તેમ રાધેશ્યામ કવિતા સાથે અ-કવિતા પણ કરી દેખાડે છે. ઉદાહરણ છે 'હાલકડોલક વહાણ' ૧૧૪મા પાને. કલ્યાણ-લહાણ-સુજાણ-પલાણ-પહાણ-વહાણ છતાં નફામાં નરી હાણ. અને ૧૨મે પાને તો હરણના શિકારમાં એ જ પ્રાસયોજના 'આસપાસ-ચોપાસ' શીર્ષકની ૨૫ શબ્દની રચનાને અંતરિયાળ-વાદળિયાત-કેસરિયાળ – હરણફાળમાં કવિતા બનાવી દે છે ! આ તો દેહની કસરતો. સત્યજિત રાય, સ્મિતા પાટીલ, અશ્વિન મહેતા નિમિત્ત બને છે કાવ્યશોધનાં. અશ્વિન મહેતાના હિમાલય-ફોટા જોઈ કવિ વળી ફરી ઇમેજને ઇમેજમાં બદલતા જાય છે. આકૃતિઓ કલ્પન બનતી જાય અને કવિ યદચ્છાલયની સાથોસાથ શૃંગારહાસ્યબીભત્સશાંત ચીતરતા જાય છે. આંશિક કાવ્યાભાસોમાં પણ પ્રધાન રહે છે કવિએ સંચિત કરી રાખેલા પારાવાર સંસ્કાર. ચિત્રો-શિલ્પો-સંગીત પર લખનાર રિલ્કે અથા ઓક્તાવિઓ પાઝ પણ નક્કી જ આવી કસરત કરી ચૂક્યા હશે. અને પછી અચૂક કવિતા લખી હશે. એ રસ્તો રાધેશ્યામ દેખાડે છે – રંગ, રૂપ, આકાર જ્યાં શબ્દોમાં પલટાઈ જાય છે.

'લગભગ'ની પ્રાપ્તિને પણ ઇષ્ટ માની લેનાર રાધેશ્યામ વળી પછી સઘળું જ અજમાવવાનું પણ છોડતા નથી. કવિતા લખતાં લખતાં કવિતાની વ્યાખ્યા કરે છે : 'લઘુગુરુના મણકા વિખેરી'ની ટોપી પહેરીને ખેલ કરતી ૮મા પાના પરની રચના જુઓ :

**'શબદને નિચ્છંદ ગગનના તોરીલા તોખાર બનાવવા**
**મંદમાંદા અક્ષરોની જ્યેષ્ટિકા તાણી લેવી અને**
**ભૂતકાળની પેઢીઓને સાભાર સોંપવી**
**ગુરુલઘુની ઘટમાળના મણકા વિખેરી**
**સપ્તરંગીન અપ્તભંગિન ઇન્દ્રધનુષ્ય નચાવવાં'**

આ પાણીની ભંગિમાવાળી આકૃતિ તે કવિતા.

વ્યાખ્યા આકર્ષક છે. આધુનિકતાના આરંભે કેટલાક કવિઓએ આટલું જ ધારી-સ્વીકારીને લખ્યું. પણ સપ્તરંગીન ઇન્દ્રધનુષ્ય હંમેશાં ન દેખાયાં. અને રાધેશ્યામે તો પહેલાં પણ આ વ્યાખ્યાને વળગીને કવિતા નથી કરી કે આ સંગ્રહમાં પણ. કવિતાની વ્યાખ્યા બાંધવી સહેલી નથી. અને જરૂરીય નથી. વળી કવિએ તો એ જફામાં પડવા જેવું જ નથી. કવિતા ભણાવતા માસ્તરો ભલે એ પળોજણમાં પડી પેટિયું રળે. કવિને દાળિયા ફાકવા જેટલુંય મળતું નથી. અને નસીબદાર હોય એવાને રાધેશ્યામ જેવા વાંચનાર મળે જે બે-ચાર પાનાં ભરી લખે. આમ રાધેશ્યામ એક બાજુથી કવિતાને અને તેય બીજાંની, ગંભીરતાથી પ્રમાણે છે તો બીજી બાજુ આવા નિર્દોષ ખેલ પણ કરે છે.

તથ્યના તંત્ર સામે બહારવટું ડણકાવનાર રાધેશ્યામ બીજા બહારવટિયા કવિકુલગુરુ બળવંતરાય ઠાકોર (લડનારા એટલે 'સેહેની')ના અનુસરણમાં પરંપરાનિષ્ઠ બળવાખોર છે. જે કવિએ ઓગણીસમી સદીમાં ગુજરાતી ભાષામાં શ્રેષ્ઠ ઊર્મિસૉનેટ અને પ્રકૃતિચિત્રો આપ્યાં એણે જ વીસમી સદીમાં 'સાધુની સોગઠી' પણ. આમ જ પ્રકૃતિચિત્રકાર, ઊર્મિઆલેખક, આવેષ્ટિતરતિરાગગાયક રાધેશ્યામ કવિતા કરે છે લેખ લખવા લાયક લતીફો ઉપર : ઉમાશંકર જોશી, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, પ્રબોધ ચોકસી, સુરેશ જોષી જેવા મરણોત્તર વિષયો. કદાચ કવિ હોવાનો થાક લાગવાથી રાધેશ્યામ માણસ રહેવું પસંદ કરે છે ! અન્વયવ્યતિક્રમે પાબ્લો નેરુદાની સંનિધિમાં !

કવિ તરીકે રાધેશ્યામની વિવિધ મુદ્રાઓ છે. પ્રધાન છે આદર્શ આધુનિકની જ્યાં નિજી મૂલ્યો પરંપરાગત મૂલ્યોનું સ્થાન લે છે, જેમ કે 'ભ્રમરલયવંત ઝાકળ'માં (પૃ. ૧૦). તો આર્યપ્રતિષ્ઠ શિષ્ટ બ્રાહ્મણ પણ પોતાનાં સંસ્કૃત અને પરિવારિક મૂલ્યોની પૂર્ણ સ્વીકૃતિ સાથે સરસ્વતીની સાધના કરે છે. 'વ્યંજના અવકાશ' (પૃ. ૧૦) અને 'માતૃવંદના' (પૃ. ૬૮) આનાં ઉદાહરણ છે. ક્યાંક એક સાંપ્રત, મધ્યમવર્ગીય અમદાવાદવાસી વર્તમાનપત્રોનાં મૂલ્યોથી બંધાઈ સાંકડી શેરીમાં ઊભરાતી અટવાતી ગરદીનો અંશ બની ભટકે છે જે દેખાઈ આવે છે 'પ્રલાપ'માં (પૃ. ૫૩) કે 'ડોલરિયા દેશના દંશે'માં (પૃ. ૬૭).

આ બહુમુદ્રાધર કવિનું સંવેદનતંત્ર વિસ્તૃત અને વિવિધસ્તરીય છે. એમનું ઇન્દ્રિય-સંવેદનતંત્ર આદિમ છે. અતિપરિમાણી વૈશ્વિકતા, વિશ્વતત્ત્વોની અતાર્કિક સંરચનાઓ – કથનીય

લીલાઓ, વ્યાખ્યાવિરહિત વસ્તુજગતની બહુરૂપી તેમજ રૂપાંતરની ક્રીડાઓ, જૈવિક આવેગો અને પાર્શ્વભૂમાં કે સમક્ષ રતિસાતત્ય એ જ આદિમતા એમની સંરચનાનો પણ ભાગ છે. બહુશ્રુત, વિવિધ કલા-આસ્વાદક, વ્યાપક જીવનના ગ્રાહક, અનેક સંસ્કારોના સંગ્રાહક અને ભાષાશિસ્તના વાહક રાધેશ્યામ અનેકવાર રચનાઓના અંતમાં ચમત્કાર સર્જે છે અથવા એવી અપેક્ષા રાખે છે, આદિ માનવની જેમ આદિ માનવ પોતાને સમસ્તનો અવિભાજ્ય અવયવ માનતો, સત્તાધીશ નહીં. એમ જ છે સાચા કવિનું લક્ષણ. એ પોતાને ભાષાનો સ્વામી નથી માનતો, પણ પોતાને ભાષાનો અંશ ગણે છે. તેથી જ રાધેશ્યામ નિવૃત્ત થઈ જતા હોય છે – હવે શબ્દોથી ચમત્કાર થશે એ શ્રદ્ધાથી. ઉદાહરણ રૂપે ‘વીજઝબકારે હસ્તાક્ષર’ (પૃ. ૧૪), ‘સૂર્યમુખી’ (પૃ. ૧૬), ‘કેફ’ (પૃ. ૫૦) જેવી કેટલીય રચનાઓ ટાંકી શકાય.

જીવન-આસપાસનું તેમજ સામાજિક–ના સંદર્ભમાં કવિ અસહાય માટે અનુકંપિત, અન્યાય થયો છે તેને પક્ષે સરોષ અને કર્મના પ્રશંસક છે. છતાં પ્રતિબદ્ધતાને પોતાને ગળે આભૂષણ રૂપે કે હાથમાં છડી રૂપે કે મોઢા સામે ભૂંગળા રૂપે નથી વાપરી. કવિતાના મજનૂ રાધેશ્યામ પાસે આવવું હોય તો પ્રતિબદ્ધતાએ લયલા બનીને આવવું પડશે – કવિતાની યોજનાથી આવેષ્ટિત – મલેકા બનીને નહીં. આમ ભૂકંપ ‘અવિરામ’ (પૃ. ૨૦) કે રમખાણો ‘ક્ષાન્તિનું વરદાન’ (પૃ. ૩૪)ની પશ્ચાદ્‌ભૂમિ પર અંકાતું સમસંવેદન રાધેશ્યામનું સભાન કેળવેલું કલાલક્ષણ છે.

અંગત જીવનમાં ગુરુઓ, સ્વજનો, મિત્રો, સમકાલીનો વિશે સદ્‌ભાવ-અહોભાવ એમણે સધર્મ કેળવેલું સંસ્કારલક્ષણ છે જે કલા સાથે નિરપેક્ષ સંબંધ રાખે છે. અને તેથી કદી કદી કવિતાને માથે બોજ બની જાય છે.

રાધેશ્યામ ત્રણ રીતે કવિતા લખે છે : નક્કી કરીને, લખતાં લખતાં કે વશીભૂત થઈને. એક એક ઉદાહરણ લઈએ. નક્કી કરીને લખેલી સ્મિતા પાટીલ વિશેની રચનાઓ. અહીં વિગતોને ગોઠવવાનો ઠાવકો કસબ વરતાય છે. લખતાં લખતાંમાં વાંચી શકાય ‘હજુ કૃષ્ણ કારાગૃહે’ (પૃ. ૧૯). કવિતામાં બળિયા સાથે સળિયાનો પ્રાસ મેળવી હીંચકો હુલાવતાં હુલાવતાં વીજળીના ગોળાની આજુબાજુ સળિયાના પડછાયા ચીતરતાં ચીતરતાં કાલિનાગ અને કૃષ્ણ બેઉ બાથે પડિયા એવી એકમેકને બાઝતી છૂટતી પ્રાસયોજનામાં આજના સમય, મધ્યકાલીન ભક્તિગીતના સમય અને પુરાણકથા સમયને જોડતીતોડતી પંક્તિઓને અંતે રહી જાય છે એક પ્રશ્ન જે કૃષ્ણના કારાગર લગી પહોંચ્યો છે. અને હવે ચમત્કારયુક્તિની અપેક્ષામાં કવિ મૌન-સબોલ અટકે છે. અહીં વિવિધ કાળને જોડવાની ઊર્જા મળી છે સીડી-હીંચકો-ટેબલફેનનાં ગતિઇંગિતોથી.

આ સંગ્રહમાં એક આશ્ચર્યઘટના છે. લગભગ ૫૨ (બાવન) રચનાઓ માત્ર છ દિવસમાં લખાઈ છે. આમાંય ૩૭ રચનાઓ બે જ દિવસમાં – ચાર મહિના વેગળી અલગ તારીખોમાં – લખાઈ છે. જેમ દીર્ઘ ડુઈનો એલેજીઓ લખતાં લખતાં રિલ્કેએ અચાનક અલ્પદિવસોમાં સૉનેટ્સનું ઓર્ફ્યૂસ લખ્યાં અથવા પોર્ચુગિઝ કવિ પેસોઆએ ચાર વિવિધ ઉપનામ હેઠળ થોડા જ સમયમાં એકસામટાં ચાર પ્રકારનાં કાવ્ય લખ્યાં તેમ કશીક સ્ફુરણાના આવેગને વશ થયો હશે રાધેશ્યામનો શબ્દરથ. પછી નિર્ણય કરીને કેટલાંક વાક્યો લખી પોઇન્ટિલિસ્ટ ચિત્રકાર સેરાની રીતિથી એમને ખંડિત વિસ્તૃત કરી શબ્દ અને શબ્દના વિવિધ સંબંધોની શક્યતામાં અર્થને મુક્તછંદચલિત કરી કવિતાની સંભાવનાઓ, ભ્રાંતિઓ અને અભાવને પ્રદર્શિત કરવાનો હશે રાધેશ્યામનો મનોરથ.

સતત પ્રયોગરત રાધેશ્યામ પરંપરા સાથે આગવો અને નિજી સંબંધ જોડે છે. આપણી જ ભાષામાં લખાયલી કવિતાનો સંદર્ભ લઈ, પરિચિત બિંદુથી આરંભી નવી રચના લખે છે. ગુલામ મોહમ્મદ શેખ ‘નિદ્રાફળ’ (પૃ. ૨), લાભશંકરની શબ્દની ડોલ ‘આરંભે શબ્દ’ (પૃ. ૪૪), દિલીપ ઝવેરીનો હરણનો શિકાર ‘આસપાસ ચોપાસ’ (પૃ. ૧૨) અને ઉમાશંકર ફૂલોપંખીઓ સાથે કેટલીક વાર રાધેશ્યામની લિપિમાં આકાશઉડ્ડયન કરે છે. અન્ય કલાઓ સાથેનો રાધેશ્યામનો અવિરત સંબંધ શબ્દ-ભાષા-ઇતિહાસના સંસ્કારો સાથે વણાઈને કવિતા બનીને આવે છે. સંસ્કૃત-મધ્યકાલીન સાહિત્યના કાલિદાસ-સૂરદાસ પોતાની કૃતિઓ સાથે રાધેશ્યામના મંચ ઉપર આવે છે. અને રાધેશ્યામ સંસ્કૃત શૃંગારને પ્રકટ રૂપે, પ્રકૃતિ રાગમાં આલાપ રૂપે તો સંકેતોમાં વારંવાર પ્રયોજે છે. આધુનિકોમાં સૌથી વધુ શૃંગારકાવ્ય રાધેશ્યામનાં છે. ‘નિદ્રાફળ’ જ ફરી ફરી વાંચો અને અનેક રતિરહસ્યો ઊઘડતાં જશે. ‘કાન્તાર મધ્યે’ (પૃ. ૧૩)માં ‘મેઘદૂત’ અને હેન્રી રૂસોનાં ચિત્રનું અદ્‌ભુત સંયોજન થાય છે, જેમ કાન્તારમાં કાન્તા છે તેમ. જે કાલિદાસ અને વનની વાંસળીવાદિકાથી અજાણ હોય તેને પણ એક સાંગોપાંગ સિદ્ધ કવિતા મળે છે. ‘ના-ના લાકડિયા મહેલમાં’ (પૃ. ૧૮) વાંચો. સાગના કાષ્ઠ જેવું લીધેલું મૌન કેવું ઉગ્રતીક્ષ્ણપીડક બનતું જાય છે તે ‘ના હાલવું’થી આરંભાતી ક્રિયાપદી પ્રાસપરંપરા પ્રતીત કરાવે છે. આ પરંપરિત ‘ના’ના લાકડિયા મહેલમાં સૂતેલા પરશુરામને સાચવતા કર્ણને બેસાડી કવિ ઇન્દ્રપ્રેષિત ભમરાને કર્ણનો ઉરુપ્રાન્ત ભેદવા તેડાવે છે. આગળના પ્રાસબદ્ધ શબ્દોમાં અપિહિત ગુંજનનો રવ ભમરાના આગમનની પ્રતીક્ષા કરી જ રહ્યો હતો. કાષ્ઠ જેવું મૌન કરકોલાતાં થયેલી વેદનાની બહુપરિમાણી ચીસને આકાર આપવામાં કવિની સિદ્ધિનો પરિચય થાય છે. ઘાવમાંથી પ્રગટે છે પરશુરામની મા રેણુકા. અને સાથોસાથ એ પ્રસંગની જઘૃણ હિંસકતા અને તર્કાતીત ક્રોધની પરાકાષ્ઠા સાથે જોડાઈ જાય છે કર્ણને ભેદનારું અભિશપ્ત ભવિષ્ય. આ ચીસ ઊઘડતી અને ફેલાતી જ જાય છે એડવર્ડ મુંકના પ્રખ્યાત સ્ક્રીમ નામના ચિત્રની જેમ. ઇતર સંસ્કારોની જેમ ખપમાં લેવા માટે ગુજરાતી કવિતા તો રાધેશ્યામનો પોતીકો વારસો છે. ઉમાશંકરનું ‘ગીત ગોત્યું ગોત્યું ને ક્યાંય ના જડ્યું’ રાધેશ્યામની કવિતામાં મોતી બની જાય છે – ‘ધૃતિગીત’ (પૃ. ૨૧). ‘છીપ પ્રકાશવર્ષોની પ્રતીક્ષાને ધૃતિ-ધમણમાં પ્રોજ્જ્વલિત રાખી ગાઈ રહી છે ગોતી ગોતીને અમને ના મળ્યું.’ ગોતીગોતીના પ્રાસમાં અધ્યાહાર છે મોતી – જેનો સંભવ રાધેશ્યામે પચાસ વર્ષથી પોતાના મનમાં નિશ્ચિત કરી રાખેલ. અને અધઊઘડેલી છીપને જ્યારે સમુન્દરે ઘસી ઘસી ઉપરતળિયે કરી દીધી ત્યારે કવિનું આ સપનું સ્વાતિની સાક્ષીએ છીપના ગર્ભમાં સ્થપાયું. આરંભના શબ્દોથી જ પરોવાતો રતિનો લય ઉમાશંકરના કાવ્યને અદ્યતન આધુનિક આકાર આપે છે.

સદાના પરિચિતને સ્વેચ્છાએ ગોઠવીને આશ્ચર્યદાયક કરી દેવું એ જ છે કવિકર્મ. રાધેશ્યામ સતત આ પ્રયોગમાં રત છે. જીવન એક કાચી ધાતુ છે જેમાંથી સોનું નિપજાવવાનું કામ કવિનું છે. રાધેશ્યામનું કામ અન્ય અનેક કવિઓની જેમ બહુસ્તરીય છે. અછાંદસની સુવિધાને કારણે પ્રસરી પણ જાય છે. પણ ‘આકાશની ઉડ્ડયનલિપિ’ની બધી રચનાઓને ગદ્યકાવ્ય કહેવામાં શ્રુતિદોષ છે, ભલે એ અધ્યાપકધર્મ હોય. આ રચનાઓ અછાંદસ હોવા છતાંય પદ્ય

રચનાઓ છે. ચર્ચામાં પડવાને બદલે રસોત્સુક હશે તો ભાષાના સ્વરને ઓળખનાર કાન કવિતાના પ્રવાહી લયને સહજ પામી જશે. આ સંગ્રહનું વૈવિધ્ય અને બહુપડ બંધારણ એને ખનિજસંપત્તિ કહીને ઓળખવા પ્રેરે છે. ફરી ફરી તપાવી ફરી ફરી ગાળીને વાંચતાં અમૂલ્ય ધાતુ જડી આવશે. અને આવા આનંદઆવિષ્કારો સહૃદયોને કંઈ કેટલી રચનાઓના આસ્વાદ લખવા આમંત્રશે.

આપણા સાહિત્યિકો સતત પરિવર્તનશીલ મૂલ્યો કે મૂલ્યશૂન્ય અરાજકતા ઉભયમાં સ્વેચ્છાવિહાર કરતા હોય છે. તો પછી અપેક્ષા રાખીએ એમણે પ્રતિષ્ઠિત કરેલ સર્જકોની કિંચિત બાલિશ કોલાહલભરી ગુલેબકાવલિ કે ગાંગડાગાંઠાળી સ્તોત્રવાહિનીઓની તેઓ ભલે સ્તુતિ કરે, પણ આધુનિકતાના પ્રતિનિધિ રાધેશ્યામ શર્મા હજી તરુણ રહ્યા છે તેની નોંધ લઈ ‘આકાશની ઉડ્ડયનલિપિ’ને વાચે અને જો ક્યાંક વીજળી થાય, દીવો પ્રગટે કે આગિયો ઝબકી જાય તો હરખથી એની વાત કરે.